ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર

ક્રમાંકઃ- ઇએકસએમ-૪-૧૨૪-૯૪૦૧/૨૦૧૮

તા.૦૭/૦૬/૨૦૧૮

## જાહેરનામું

ગુજરાત પંચાયત સેવા (ગુજરાતી ભાષાની પરીક્ષા) નિયમો-૧૯૬૪ જાહેરનામા ક્રમાંકઃ- કેપી/૧૧૮/પીઆરઆર/૪૬/૬૪/જેએચ તા.૨૧/૭/૧૯૬૪થી નિયત કરવામાં આવેલ છે.

૨. અત્રેના જાહેરનામા ક્રમાંકઃ- ઇએકસએમ-૪-૧૨૪/૫૦૭૨/૨૦૧૮ તા.૭/૩૨૦૧૮ અન્વયે ગુજરાતી ભાષાકીય પરીક્ષા તા.૦૯/૦૫/૨૦૧૮ના રોજ જે તે જિલ્લા પંચાયતના મુખ્ય મથકે યોજવામાં આવેલ હતી. સદરહું પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોના લેખિત પરીક્ષાની જવાબવહીઓ તથા મૌખિક પરીક્ષાના ગુણપત્રકો સીલબંધ કવરમાં જે તે જિલ્લા પંચાયતો ધ્વારા બોર્ડની કચેરીને રૂબરૂમાં મોકલવામાં આવેલ જે અન્વયે પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોના લેખિત પરીક્ષાની જવાબવહીઓના સીલબંધ કવરો બોર્ડ ધ્વારા ખાનગી પ્રાશ્નિકશ્રી પાસે ચકાસણી કરાવવામાં આવેલ અને પ્રાશ્નિકશ્રી ધ્વારા જવાબવહીઓના આધારે તૈયાર કરવામાં આવેલ ગુણપત્રકો તથા મૌખિક પરીક્ષાના ગુણપત્રકોને આધારે તા.૦૬-૦૬-૨૦૧૮ ની બોર્ડ બેઠકમાં ગુજરાતી ભાષાકીય પરીક્ષાનું પરિણામ બોર્ડ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે આ ભાષાકીય પરીક્ષામાં પાસ થયેલ,નાપાસ થયેલા અને મુકિત મેળવેલ ઉમેદવારોના પરિણામ બોર્ડ ધ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે. ઉપરોકત પરીણામની વિગતો આ સાથેના પરીણામ પત્રકમાં દર્શાવેલ છે. આ પરિણામ બોર્ડના નોટીસ બોર્ડ ઉપર તેમજ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વેબસાઇટ https://panchayat.gujarat.gov.in ઉપર પ્રસિધ્ધ કરવાનુ રહેશે.

સદરહું પરીક્ષામાં ઉપસ્થિત રહેલા કર્મચારીઓના તેમના જવાબપત્રો તપાસીને ગુણ આપવામાં આવેલ છે કે નહી અને પ્રશ્નવારા મેળવેલ ગુણનો સરવાળો બરાબર છે કે નહી તેની ખરાઇ કરવા માંગતા હોય તો પ્રશ્નપત્ર દીઠ રૂા.30/- ની રકમ અંદાજપત્રના આવક સદર ૦૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો ૧૦૧ પંચાયતી રાજ એકટ હેઠળ આવક (૧) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ધ્વારા પરીક્ષાની ફોર્મ ફીની આવક સદર ખાતે જમા કરાવી ચલણની નકલ સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફતે ઉપરોકત પરીણામની પ્રસિધ્ધ થયા તારીખથી ૪૫ દિવસમાં અરજી બોર્ડને મોકલી આપવાની રહેશે. પરીણામ સંબંધી અન્ય કોઇ પત્રવ્યવહાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

બિડાણઃ- સંયુકત પરીણામ પત્રક તા.૬/૦૬/૨૦૧૮

GUJARAT PANCHAYAT SERVICE SELECTION BOARD GANDHINAGAR

સચિવ

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

ગાંધીનગર



Scanned by CamScanner

નકલ સવિનય રવાના:-

(૧) માન.અગ્રસચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, બ્લોક નં.૮, નવા સચિવાલય, ગાંધીનગર  તરફ જાણ સારૂ.

(૨) માન.વિકાસ કમિશ્નરશ્રી. વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જિલ્લા પંચાયત તમામ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ તથા પરિણામની જાણ સંબધિત કર્મચારીને જાણ કરવા સારૂ.

નકલ:-

(૧) કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ સારૂ.

(૨) સીલેકટ ફાઇલે

Scanned by CamScanner

**ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, ગાંધીનગર ધ્વારા તા.૦૯-૧૦/૫/૨૦૧૮ના રોજ જે તે જિલ્લા પંચાયતના મુખ્ય મથકે લેવામાં આવનાર પંચાયત સેવાના કર્મચારીઓની ગુજરાતી ભાષાકીય પરીક્ષાની ભાષાકીય પરીક્ષાનુ પરીણામ પત્રક તા.૬/૬/૨૦૧૮**

| અ.નં. | જિ.પં. નુ નામ | બેઠક નં. | પેપર-૧ | પેપર-૨ | મૌખિકના ગુણ | કુલ ગુણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૧ | ૩૪ | ૨૮ | ૬૨ | ૧૨૪ | નાપાસ |

GUJARAT PANCHAYAT SERVICE SELECTION BOARD • GANDHINAGAR •

Scanned by CamScanner